# પ્રાથમિક શાળાના આચાર્યોની સંચાલન માન્યતાઓ અને નેતૃત્વ વર્તનનો અભ્યાસ

દિલીપકુમાર ધુળાભાઈ પટેલ
સંશોધક : પી.એચ.ડી.
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ.

ડૉ.જયેન્દ્ર એન.અમીન
એસોસિયેટ પ્રોફેસર અને માર્ગદર્શક
સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર.

**સાર સંક્ષેપ**

*સમાજના ભાવિ નાગરિકોનું પાયાનું ઘડતર પ્રાથમિક શાળામાં થાય છે. શાળામાં આચાર્યની ભૂમિકા, તેનું સંચાલન સમગ્ર શાળાના વિકાસમાં ખુબજ મહત્તા ધરાવે છે. અહી સંશોધકે પોતાના પી.એચ.ડી.ના સંશોધન નિબંધ "પ્રાથમિક શાળાના આચાર્યોની સંચાલન માન્યતાઓ અને નેતૃત્વ વર્તનનો અભ્યાસ" વિષય પર પ્રાથમિક તબક્કે સંશોધન હાથ ધરેલ છે. જેનો મુખ્ય હેતુ પ્રાથમિક શાળાના આચાર્યોની સંચાલન માન્યતાઓ અને નેતૃત્વ વર્તનનો જાતી, વિસ્તાર અને અનુભવના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો. જેમાં નમૂના તરીકે બનાસકાંઠા જિલ્લાના છ તાલુકાઓમાંથી યાદૃચ્છિક નમૂના પદ્ધતિ વડે એકસો વીસ જેટલી શાળાઓમાં કાર્યરત આચાર્યો પસંદ કર્યા હતા. પ્રસ્તુત સંશોધનમાં સ્વરચીત સંચાલન માન્યતા માપદંડ અને નેતૃત્વ વર્તન માપદંડ ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના દ્વારા સંશોધકે માહિતી એકત્રીકરણ કરવા માટે નમૂનામાં પસંદ કરેલ શાળાઓની રૂબરૂ મુલાકાત લીધી હતી. શાળાના આચાર્યને સંશોધન વિષે માહિતી આપી હતી અને ઉપકરાણ ભરાવ્યા હતા. પ્રાપ્ત થયેલ માહિતીના આધારે માહિતીનું પૃથક્કરણ મધ્યક, પ્રમાણ વિચલાન અને t - કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું. આમ આ અભ્યાસ વડે આચાર્યોનાં વ્યાવસાયિક સ્વમાન, માન્યતાઓ, ઓળખ, વિચારસરણીઓ અને દ્વિવધાઓ અંગેની માહિતી મળશે. પ્રસ્તુત અભ્યાસમાંથી પ્રાપ્ત થતું જ્ઞાન શિક્ષણની ગુણવત્તા સુધારણામાં ઉપયોગી સાબિત થશે.*

**મહત્વના ચાવીરૂપ શબ્દો :** *આચાર્ય, સંચાલન માન્યતાઓ, નેતૃત્વ વર્તન*

## ૧. પ્રાસ્તાવના

કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર તેની શિક્ષણ વ્યવસ્થા પર રહેલો છે. વૈજ્ઞાનિક અને તકનિકી વિકાસે દેશ દેશ વચ્ચેનું અંતર ઘટાડી દીધું છે, પણ માનવી-માનવી વચ્ચેનું અંતર વધારી દીધું છે ત્યારે પ્રત્યેક દેશની નજર શિક્ષણ પર સ્થિર થવા લાગી છે. શિક્ષણ જ વ્યક્તિનો, સમાજનો, રાષ્ટ્રનો ઉદ્ધાર કરી શકે છે તે નિ:શંક બાબત છે. રાષ્ટ્રીય ચેતનાને જીવંત રાખવાનું કામ શિક્ષણ જ કરે છે, આજે જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી રહી છે ત્યારે રાષ્ટ્ર બાળકના સર્વાંગી વિકાસ માટે જેટલું વધુ લક્ષ આપશે એટલો દેશ ઉન્નત અને સમૃદ્ધ બનશે. કેળવણી એ રાષ્ટ્ર નિર્માણ ની પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે અને તેના દ્વારા રાષ્ટ્રના ચારિત્ર્યનું નિર્માણ થાય છે. ભારત જેવા લોકશાહી દેશમાં લોકશાહી ટકાવી રાખવા માટે રાષ્ટ્રમાં સભાન, સુસંસ્કૃત અને સક્રિય નાગરિકોના નિર્માણ માટે પ્રાથમિક શિક્ષણ એ તેનો પાયો છે. શિક્ષણ દ્વારા જ લોકોમાં રાષ્ટ્રીય એકતાના બીજ રોપાય છે. સમાજ પણ ઈચ્છે છે કે શિક્ષણ દ્વારા રાષ્ટ્રીય કાર્યક્ષમતા વધે, લોકશાહી મૂલ્યોનો વિકાસ થાય અને સમાજ વધુ વૈજ્ઞાનિક વલણવાળો બને. આવી રાષ્ટ્રીય અને સામાજિક અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે ગુણવત્તા વાળું શિક્ષણ પ્રાપ્ત થાય એ જરૂરી છે. શિક્ષણ એ વર્તમાનકાળ અને ભવિષ્યકાળનું એક અનુપમ વિશિષ્ટ રોકાણ છે. શિક્ષણ પર સમગ્ર રાષ્ટ્રનો આધાર છે, તેથી તેની ગુણવત્તા નીચી જાય એ ચલાવી ન લેવાય. આઝાદી પછી આ અંગેના પ્રયત્નો થયા છે.

શિક્ષણમાં સંખ્યાત્મક વધારો ગુણાત્મક બને એ માટેના પ્રયાસો કાર્યક્રમો થતા રહ્યા છે. સામાજિક, માનસશાસ્ત્રીય, બૌદ્ધિક શાસકિય પરિવર્તનોને કારણે શિક્ષણના માળખામાં પણ પરિવર્તન આવતું રહે છે. આ પરિવર્તનનો શિક્ષણના માળખા પર (આંતરિક અને બાહ્ય) અભ્યાસક્રમ પર, આચાર્યોની સંચાલન માન્યતાઓ પર, સંચાલકોના વહીવટ પર, શિક્ષકોના વર્ગ વ્યવસ્થાપન પર કેવી રીતે અને કેવા પ્રકારની અસર કરે છે તે જાણવું જરૂરી બનતા સંશોધનનો વિચાર ઉદ્ભવે છે. જેની સામૂહિક અસર પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા પર કઈ રીતે પડે છે તે જાણવું હોય તો આ ક્ષેત્રમાં સંશોધન કરવું અનિવાર્ય બને છે. આમ પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તાનું ચણતર અનેક પાયા પર થાય છે. પ્રત્યેક પાયો મજબૂત છે? ગુણવત્તાનું સંવર્ધન અનેક પરિમાણિય સંઘટન દ્વારા કેવી રીતે થાય છે? પ્રત્યેક પરિમાણ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા પર કેવી અસર કરે છે? પ્રાથમિક શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા સુધારણાના ક્ષેત્રમાં આચાર્યોની સંચાલન માન્યતાઓ માપનની વિચારણા થોડું વિશેષ મહત્વ ધરાવે છે. શિક્ષક અને વિદ્યાર્થી બન્નેને પ્રત્યક્ષ રીતે સ્પર્શતું આ પરિબળ પ્રાથમિક શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા સુધારણામાં ખૂબ જ અગત્યનું છે. જો આચાર્યનું શિક્ષક અને બાળક પ્રત્યેનું પ્રાથમિક શિક્ષણની સુધારણા અંગેનું વલણ ધનાત્મક હશે તો તેને સુધારવામા રસ પડશે. શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા સુધારણાના ક્ષેત્રમાં થતા નવા પ્રયોગો સંશોધનોથી માહિતગાર થશે અને કરાવશે. આમ, આચાર્યો પોતે આ સંબંધે શું માન્યતાઓ ધરાવે છે તે એક સંશોધનનો વિષય બનવો જોઈએ. આચાર્યો પોતાનાં વ્યવસાય વિષે શી અપેક્ષા ધરાવે છે? એ અંગે કેવા મનોવલણો, માન્યતાઓ અને વિચારસરણીઓ ધરાવે છે તે જાણવાથી ખ્યાલ આવે છે કે તેઓ કેટલીક અસ્પષ્ટતાઓ સાથે પોતાનો વ્યવસાય કરે છે. આ અસ્પષ્ટ પરિસ્થિતિ આચાર્યો ની કાર્યક્ષમતાને અસર કરે છે. જો પ્રાથમિક શિક્ષણની સંપૂર્ણ ગુણવત્તા સુધારણા કાર્યક્રમને અસરકારક બનાવવો હોય તો, તેની સાથે જોડાયેલ આચાર્યોની અસ્પષ્ટતાઓ દૂર થાય અને વધુ કાર્યક્ષમ બને તે માટેના સંશોધનો હાથ ધરવા જોઈએ. જેથી દેશ અને સમાજને મૂલ્યનિષ્ઠ શિક્ષણ આપી શકાય.

## ૨. સમસ્યાકથન

પ્રસ્તુત સંશોધન માટેની સમસ્યા આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવી હતી. "પ્રાથમિક શાળાના આચાર્યોની સંચાલન માન્યતાઓ અને નેતૃત્વ વર્તનનો અભ્યાસ"

## ૩. અભ્યાસનું મહત્વ

આ અભ્યાસ વડે આચાર્યોનાં વ્યાવસાયિક સ્વમાન, માન્યતાઓ, ઓળખ, વિચારસરણી ઓ અને દ્વિધાઓ અંગેની માહિતી મળશે. આચાર્યોની કાર્યક્ષમતા કયા કારણે ઘટે છે? તેના કેટલાક કારણો જાણી અને નોંધી શકાશે. શાળા અને કૉલેજ સંદર્ભે આચાર્યો પોતાની ભુમિકા સ્પષ્ટ રીતે સમજી શકશે. પ્રસ્તુત અભ્યાસમાંથી પ્રાપ્ત થતું જ્ઞાન શિક્ષણની ગુણવત્તા સુધારણામાં ઉપયોગી સાબિત થશે.

- આચાર્યોની વ્યાવસાયિક સ્વમાન અંગેની સ્પષ્ટતા તેમની કાર્યક્ષમતામાં વધારો કરશે.
- આચાર્યોને તેમની સંચાલન વિષેની માન્યતાઓ અંગે જાગૃત કરશે.
- આચાર્યોને તેમની શિક્ષક તરીકેની ભૂમિકા તેમજ ઉપયોગીતા સમજાવશે.

ટૂંકમાં, આ અભ્યાસના ફલસ્વરૂપે આચાર્યોનું વ્યાવસાયિક સ્વમાન વધશે અને તેમની કાર્યક્ષમતા પણ વધશે.

## ૪. અભ્યાસના હેતુઓ

કોઈ પણ સંશોધન કાર્ય હાથ ધરતાં પહેલાં સંશોધકે તે કાર્યના હેતુઓ નક્કી કરવા જોઈએ. હેતુઓ નક્કી કરવાથી એ દિશા માં યોગ્ય ગતિએ કાર્યને આગળ ધપાવી શકાય છે અને હાથ ધરેલું સંશોધન કાર્ય સારી રીતે પૂર્ણ થઈ શકે તેમજ ફળદાયી બને છે. સંશોધન હાથ ધરવા માટે હેતુઓ મારફત દિશા સૂચન મળે છે. પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસના હેતુઓ એ સંશોધન કાર્યનો અતિ મહત્વનો ભાગ છે. સંશોધકે પ્રસ્તુત સંશોધન માટે આ પ્રમાણે હેતુઓ નક્કી કરેલા હતા.

- પ્રાથમિક શાળાના આચાર્યોની સંચાલન માન્યતાઓનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના આચાર્યોના નેતૃત્વ વર્તનનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના આચાર્યોની સંચાલન માન્યતાઓ અને નેતૃત્વ વર્તનનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના આચાર્યોની સંચાલન માન્યતાઓ અને નેતૃત્વ વર્તનનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના આચાર્યોની સંચાલન માન્યતાઓ અને નેતૃત્વ વર્તનનો શાળાકિય અનુભવના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**૫. સંશોધનની ઉત્કલ્પનાઓ**

જીવનની દરેક સમસ્યાઓના ઉકેલ માટે માનવી ઉત્કલ્પનાઓ બાંધે છે. આવી પડેલ સમસ્યાઓને કઈ રીતે હલ કરવી તેનો બુદ્દિપૂર્વક વિચાર કરી તે માટેના પ્રયત્નો કરે છે. ઉત્કલ્પનાઓ સમસ્યાને વૈજ્ઞાનિક રીતે જોવાની આંખો છે. એક રીતે જોતા ઉત્કલ્પનાઓ સમસ્યાઓના ઉકેલ માટેની ચાવી છે. સંશોધનમાં પણ સમસ્યાને અનુરૂપ ઉત્કલ્પનાઓ બાંધવી પડે છે. કારણ કે તેથી સંશોધકને કાર્ય કરવાનો માર્ગ સૂઝે છે. સંશોધકે પોતાના અભ્યાસ કાર્ય માટે જે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી તે આ પ્રમાણે છે.

$H0_{01}$પ્રાથમિક શાળાના પુરુષ આચાર્યો અને સ્ત્રી આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

$H0_{02}$પ્રાથમિક શાળાના પુરુષ આચાર્યો અને સ્ત્રી આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

$H0_{03}$પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના પુરુષ આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

$H0_{04}$પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના સ્ત્રી આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

$H0_{05}$પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના પુરુષ આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

$H0_{06}$પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના સ્ત્રી આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

$H0_{07}$પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા પુરુષ આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

$H0_{08}$પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા સ્ત્રી આચાર્યોએ સંચાલન માન્યતાઓ સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

$H0_{09}$પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા પુરુષ આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

$H0_{10}$પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા સ્ત્રી આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

**૬. વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત આચર્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૭. નમૂનો**

પ્રસ્તૃત અભ્યાસમાં યાદૃચ્છિક નમૂના પદ્ધતિ વડે સૌપ્રથમ તાલુકાઓની પસંદગી કરવામા આવી જેમાં દાતા, દાંતીવાડા, પાલનપુર, વાવ, થરાદ, ધાનેરા એમ છ તાલુકા પસંદ કરવામાં આવ્યા. ત્યાર બાદ એક તાલુકામાંથી યાદૃચ્છિક નમૂના પદ્ધતિ વડે દસ ગ્રામ્ય વિસ્તારની અને દસ શહેરી વિસ્તારની એમ કુલ વીસ સરકારી પ્રાથમિક શાળાઓ પસંદ કરવામાં આવી હતી. આમ, છ તાલુકામાંથી કુલ એકસો વીસ સરકારી પ્રાથમિક શાળામાં કાર્યરત આચાર્યોને નમૂનામાં પસંદ કરવામાં આવ્યા હતા.

**૮. અભ્યાસનું સીમાંકન**

પ્રસ્તૃત અભ્યાસમાં દાતા, દાંતીવાડા, પાલનપુર, વાવ, થરાદ, ધાનેરા આ છ તાલુકાઓ પૈકી પ્રત્યેક તાલુકામાંથી દસ ગ્રામ્ય વિસ્તારના અને દસ શહેરી વિસ્તારના એમ કુલ એકસો વીસ સરકારી પ્રાથમિક શાળાઓના આચાર્યોનો જ સમાવેશ કરેલ હતો.

### ૯. ઉપકરણ
પ્રસ્તુત સંશોધનમાં સંચાલન માન્યતા સંશોધનિકા અને નેતૃત્વ વર્તન સંશોધનિકા એમ બે સ્વરચીત ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ૧૦. માહિતી એકત્રીકરણ
સંશોધકે માહિતી એકત્રીકરણ કરવા માટે નમૂનામાં પસંદ કરેલ શાળાઓની રૂબરૂ મુલાકાત લીધી હતી. શાળાના આચાર્યને સંશોધન વિષે માહિતી આપી હતી અને બંન્ને સંશોધનિકા ભરાવી હતી. આમ, નમૂનામાં લીધેલ એકસો વીસ શાળાઓમાંથી માહિતી મેળવી પૃથક્કરણ હાથ ધર્યુ હતું.

### ૧૧. માહિતીનું પૃથક્કરણ
પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું પૃથક્કરણ મધ્યક, પ્રમાણ વિચલાન અને t કસોટી દ્વારા કરવામાં આવ્યુ હતું.

### ૧૨. ઉત્કલ્પનાઓની ચકાસણી
સંશોધનને અંતે માહિતીના પૃથક્કરણ પરથી જે માહિતી મળેલ હતી તેને આધારે ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી. જે માહિતી સારણી નંબર- ૦૧ માં દર્શાવેલ છે.

સારણી નંબર- ૦૧ ઉત્કલ્પનાઓની ચકાસણી

| ક્રમ | ઉત્કલ્પના | t-મૂલ્ય | સાર્થક તાની કક્ષા | અસ્વિકાર થાયછે / થતો નથી |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક શાળાના પુરુષ આચાર્યો અને સ્ત્રી આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહી હોય. | ૨.૯૦૬ | ૦.૦૧ | અસ્વિકાર થાય છે. |
| ૨ | પ્રાથમિક શાળાના પુરુષ આચાર્યો અને સ્ત્રી આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહી હોય. | ૩.૧૧૪ | ૦.૦૧ | અસ્વિકાર થાય છે. |
| ૩ | પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના પુરુષ આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહી હોય. | ૧.૨૮૬ | ૦.૦૧ | અસ્વિકાર થતો નથી. |
| ૪ | પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના સ્ત્રી આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહી હોય. | ૦.૮૦૪ | ૦.૦૧ | અસ્વિકાર થતો નથી. |
| ૫ | પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના પુરુષ આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહી હોય. | ૧.૭૯૦ | ૦.૦૧ | અસ્વિકાર થતો નથી. |
| ૬ | પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના સ્ત્રી આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહી હોય. | ૧.૦૦૩ | ૦.૦૧ | અસ્વિકાર થતો નથી. |
| ૭ | પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા પુરુષ આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહી હોય. | ૨.૦૮૦ | ૦.૦૧ | અસ્વિકાર થતો નથી. |
| ૮ | પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા સ્ત્રી આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહી | ૦.૬૨૬ | ૦.૦૧ | અસ્વિકાર થતો નથી. |

| | | | | |
|---|---|---|---|---|
| | હોય. | | | |
| ૯ | પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા પુરુષ આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહી હોય. | ૨.૭૮૫ | ૦.૦૧ | અસ્વિકાર થાય છે. |
| ૧૦ | પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા સ્ત્રી આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત નહી હોય. | ૩.૩૮૫ | ૦.૦૧ | અસ્વિકાર થાય છે. |

## ૧૩. તારણો

- પ્રાથમિક શાળાના પુરુષ આચાર્યો અને સ્ત્રી આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.
- પ્રાથમિક શાળાના પુરુષ આચાર્યો અને સ્ત્રી આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.
- પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના પુરુષ આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત મળ્યો ન હતો.
- પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના સ્ત્રી આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.
- પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના પુરુષ આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.
- પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના સ્ત્રી આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.
- પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા પુરુષ આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકા મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.
- પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા સ્ત્રી આચાર્યોએ સંચાલન માન્યતા સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.
- પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા પુરુષ આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.
- પ્રાથમિક શાળાના પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા અને પાંચ વર્ષથી વધુ અનુભવ ધરાવતા સ્ત્રી આચાર્યોએ નેતૃત્વ વર્તન સંશોધનિકામાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરીમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

## ૧૪. સંશોધનના ફલિતાર્થો

- પ્રસ્તુત આભ્યાસમાં ઉપયોગમાં લેવાયેલ સંચાલન માન્યતા સંશોધનિકા અને નેતૃત્વ વર્તન સંશોધનિકા ઉપકરણ દ્વારા પોતાની સંસ્થાઓમાં આચાર્યોની સંચાલન પ્રત્યેની માન્યતાઓ અને નેતૃત્વ વર્તન જાણી શકાશે.
- પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા આચાર્યોની સંચાલન પ્રત્યેની માન્યતાઓ અને નેતૃત્વ વર્તન જાણી નેતૃત્વશૈલીના વિકાસ માટે શિબીરો અને કાર્યક્રમો યોજી આચાર્યોની નેતૃત્વશૈલી વિકસાવી શકાય છે.
- શાળા સંચાલનના ક્ષેત્રમાં આચાર્યનુ નેતૃત્વ વર્તન વિષે સમયાંતરે જાણકારી મેળવતા રહી નેતૃત વર્તન વિકસાવવા માટે સેવાકાલીન તાલીમ કાર્યક્રમોનુ આયોજન કરી શકાય છે.
- આચાર્યોની સંચાલન માન્યતાઓ અને નેતૃત્વ વર્તન પર જાતીની આસર જોવા મળતી હોય તે અનુસાર વિવિધ વર્કશોપ તેમજ સેમીનારનું આયોજન કરી શકાય છે.

**૧૫. ઉપસંહાર**

આમ, પ્રસ્તુત અભ્યાસ દ્વારા આચાર્યો પોતે આ સંબંધે શું માન્યતાઓ ધરાવે છે તે આ સંશોધન દ્વારા જાણી શકાશે. આચાર્યો પોતાનાં વ્યવસાય વિષે શી અપેક્ષા ધરાવે છે? અને એ અંગે કેવા મનોવલણો, માન્યતાઓ અને વિચારસરણીઓ ધરાવે છે તે જાણવાથી ખ્યાલ આવે છે કે તેઓ કેટલીક અસ્પષ્ટતાઓ સાથે પોતાનો વ્યવસાય કરે છે. આ જ અસ્પષ્ટ પરિસ્થિતિ આચાર્યો ની કાર્યક્ષમતાને અસર કરે છે. જો પ્રાથમિક શિક્ષણની સંપૂર્ણ ગુણવત્તા સુધારણા કાર્યક્રમને અસરકારક બનાવવો હોય તો, તેની સાથે જોડાયેલ આચાર્યોની અસ્પષ્ટતાઓ દૂર થાય અને વધુ કાર્યક્ષમ બને જેથી ભાવી દેશ અને સમાજને મૂલ્યનિષ્ઠ શિક્ષણ આપી શકાય. માટે આ પ્રકારના સંશોધનો અસરકારક સાબીત થશે.

**સંદર્ભસૂચિ**

૧. અગ્રવાલ, જે. સી. (૨૦૦૬). શિક્ષણ વહીવટમાં શાળા સંગઠન અને નિરીક્ષણ. ન્યુ દિલ્લી. આર્યબુક ડિપો.

૨. આચાર્ય, મોહિની (૨૦૦૯). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. અમદાવાદ : અક્ષર પબ્લિકેશન.

૩. ઉચાટ, ડી. એ. (૧૯૮૮). સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો? રાજકોટ: નિજિજન સાઈકો સેન્ટર.

૪. ઉચાટ, ડી. એ. (૧૯૮૮). સંશોધનનું સંદોહન. રાજકોટ : શિક્ષાણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૫. ઉચાટ, ડી. એ. (૨૦૦૦). સંશોધનનુંની વિશિષ્ટ પદ્ધતિઓ. રાજકોટ : શિક્ષાણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૬. ઉચાટ, ડી. એ. (૨૦૦૪). માહિતી પર સંશોધન વ્યવહારો. રાજકોટ : શિક્ષાણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૭. ઉચાટ, ડી. એ. (૨૦૦૪). સંશોધન દર્શન. રાજકોટ : શિક્ષાણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવસર્સિટી.

૮. ઉચાટ, ડી. એ. (૨૦૧૨). શિક્ષાણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. રાજકોટ: પારસ પ્રકાશન. (દ્વિતિય આવૃતિ)

૯. ઉચાટ, ડી. એ. અને અન્યો (૨૦૦૬). શૈક્ષનિક સંશોધનનોના સારાંશ. રાજકોટ : શિક્ષાણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૧૦. જાડેજા, બી. એસ. (૧૯૮૩). ભગવદ્ગોમંડળ. રાજકોટ : પ્રવીણ પ્રકાશન.

૧૧. જોષી, એચ. ઓ. (૧૯૯૦). આચાર્યનો નૈતૃત્વ વ્યવહાર અને નવપલ્લવન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૧૨. દેસાઈ, એચ. જી. અને દેસાઈ, કે. જી. (૧૯૯૪). મનોવૈજ્ઞાનિક માપન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૧૩. દેસાઈ, એચ. જી. અને દેસાઈ, કે. જી. (૧૯૯૭). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૧૪. દેસાઈ, દોલતભાઈ અને અન્ય (૨૦૦૫). અભિનય શાળા સંચાલન. અમદાવાદ : અનડા પ્રકાશન.

૧૫. દોંગા, એન. એસ. (૧૯૯૫). અધ્યાપન મનોવિજ્ઞાન. રાજકોટ : નિજિજન સાયકો સેન્ટર. પ્રથમ આવૃતિ.

૧૬. દોંગા, એન. એસ. (૨૦૧૦). શિક્ષાણનું મનોવિજ્ઞાન. રાજકોટ: નિજિજન સાયકો સેન્ટર.

૧૭. શાહ, દિપીકા બી. (૨૦૦૩). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.